માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૩૫ |
| અમદાવાદ | ૧૮૭ |
| ગાંધીનગર | ૩૫ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૮ ૭ ઓક્ટોબર, ૨૦૨૦, બુધવાર; અ. આસો વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યની ગ્રામ પંચાયતોમાં 'ડિજિટલ ક્રાંતિ'

**૨૨ સેવાઓ ઘર આંગણે : ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમનું ઇ-લોકાર્પણ :પંચાયતમાં જ રૂ. ૨૦ની ફી પર આવક સહિતના દાખલા જાતિ પ્રમાણપત્રો મળશે : રેશનકાર્ડ, આવકનો દાખલા, એફિડેવિટ, સર્ટિફિકેટ જેવી ૨૨ જેટલી સેવાઓ ૮ ઓક્ટોબરથી ગામમાં જ મળી રહેશે : વિવિધ સેવાઓ માટે એફિડેવિટ કરવાની સત્તા હવે નોટરી-તાલુકા મેજિસ્ટ્રેટ ઉપરાંત ગ્રામ પંચાયતના તલાટી મંત્રીને પણ આપવામાં આવશે : અત્યાર સુધીમાં ૩૨૯૬૧ કિ.મી અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટીકલ ફાયબર નેટવર્કથી ૨૩ જિલ્લાની ૭૬૯૨ ગ્રામ પંચાયતોને આવરી લેવાઇ, દરેક સ્ટેટ ડેટા સેન્ટર સાથે કનેક્ટેડ**

ગાંધીનગર,તા.૬

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવા સેતુનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમનું ઇ લોકાર્પણ કર્યું છે. આ કાર્યક્રમ આગામી ૮ ઓક્ટોબરથી પ્રથમ તબક્કામાં રાજયના ૨ હજાર ૭૦૦ ગામડાઓને આવરી લેવામાં આવશે. મુખ્યમંત્રીએ હવે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના ડિઝીટલ ઈન્ડીયાના સપનાને સાકાર કરવામાં પણ ગુજરાતને અગ્રીમ-લીડ લેવા સજ્જ કર્યુ છે.

અહીં ડિજિટલ સેવા સેતુના માધ્યમથી ૨૨ જેટલી સેવાઓનો લાભ ગ્રામજનો ઘરઆંગણે જ લઇ શકશે. મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું કે, સરરકારે સેવા સેતુનો વ્યાપ વધારી ગ્રામ્ય વિસ્તારનો પ્રજાજનોને ડિજિટલ સેવા આપવાનો નિર્ણય કર્યો છે.

ડિજિટલ સેવા સેતુને કારણે ગ્રામીણ પ્રજાજનોને રોજબરોજની સેવા તેમજ જરૂરી પ્રમાણપત્રો માટે તાલુકા કે જિલ્લા મથકે નહીં જવું પડે. ડિસેમ્બર મહિના સુધીમાં



વધુ ૮ હજાર ગ્રામપંચાયતોને ડિજિટલ સેવા સેતુ સાથે જોડવામાં આવશે. સીએમે જણાવ્યું કે વિવિધ સેવાઓ માટે એફિડેવિટ કરવાની સત્તા હવે નોટરી અને તાલુકા મેજિસ્ટ્રેટ ઉપરાંત ગ્રામ પંચાયતના તલાટી મંત્રને પણ આપવામાં આવશે.

ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ૮ ઓકટોબરથી ડિજિટલ સેવા સેતુનો પ્રારંભ કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત નાના

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં ભાજપ-૧૨૧ અને જેડીયુ ૧૨૨ બેઠક પરથી લડશે

**બિહારમાં ચૂંટણીને લઇ રાજકીય ગતિવિધિઓ તેજ : માંઝીના પક્ષને જેડીયુના ખાતામાંથી ૭ બેઠક અપાઈ : નીતિશકુમારે માહિતી આપી**

પટણા, તા. ૬

બિહારમાં સત્તાધારી એનડીએ ગઠબંધન દ્વારા બેઠક વહેંચણીની જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય પ્રધાન નીતીશ કુમારે કહ્યું કે જેડીયુ આ વખતે ૧૨૨ બેઠકો પર લડશે, ભાજપના ખાતામાં ૧૨૧ બેઠકો છે. જીતનરામ માંઝીની એચએએમ પાર્ટીને જેડીયુ ક્વોટાથી ૭ બેઠકો આપવામાં આવી છે. તે જ સમયે, ભાજપ તેના ક્વોટા સાથે મુકેશ સાહનીની પાર્ટી વીઆઈપીને બેઠક આપશે. નીતીશ કુમારે કહ્યું કે અમારું કામ બિહારના લોકોની સેવા કરવાનું છે. આપણા વિશે કોણ બોલી રહ્યું છે તેની સામે કોઈ વાંધો નથી. ચિરાગ પાસવાનને નિશાન બનાવતા નીતીશ કુમારે કહ્યું કે હું રામ વિલાસ પાસવાનનો આદર કરું છું. હું તેને ઝડપથી સ્વસ્થ થાય એવી પ્રાર્થના કરું છું હું અને પૂછું છું કે રાજ્યસભામાં ગયેલા રામવિલાસ પાસવાન જેડીયુની મદદ વગર પહોંચ્યા છે? બિહારમાં એલજેપીની માત્ર ૨ બેઠકો છે. નીતીશ કુમારે કહ્યું કે આપણા મનમાં કોઈ ગેરસમજ નથી. બિહારને આગળ વધારવાનું અમારું લક્ષ્ય છે. તેમણે વિરોધી પક્ષ, ખાસ કરીને આરજેડી પર નિશાન સાધતા



● અનુસંધાન પાન-૭ પર

# સેન્સેક્સમાં ૬૦૦ પોઈન્ટનો ઊછાળો

**નિફ્ટીમાં ૧૫૯ નોંધપાત્ર ઉછાળો : વૈશ્વિક સ્તરે સકારાત્મક વલણ વચ્ચે સર્વાંગી ખરીદી : ટ્રમ્પને હોસ્પિટલમાંથી રજા અપાતા શેરબજારમાં તેજી**

મુંબઈ, તા. ૬

વૈશ્વિક સ્તરે સકારાત્મક વલણ વચ્ચે રોકાણકારો દ્વારા સર્વાંગી ખરીદીને કારણે મંગળવારે સ્થાનિક ચોખ્ખા બજારમાં વેગ મળ્યો છે. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ સેન્સેક્સ ૬૦૦.૮૭ અંક અથવા ૧.૫૪ ટકા વધીને ૩૯,૫૭૪.૫૭ પોઈન્ટના સ્તર પર બંધ થયા છે. ટ્રેડિંગ દરમિયાન, સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સ એક સમયે ૬૫૦ પોઈન્ટ મજબૂત હતો, જે ૩૯,૬૨૩.૭૬ પોઈન્ટ સુધી પહોંચ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ ૧૫૯.૦૫ પોઈન્ટ એટલે કે ૧.૩૮ ટકા વધીને ૧૧,૬૬૨.૪૦ ની સપાટીએ બંધ રહ્યો છે. સેન્સેક્સ શેરોમાં મજબુત બજાર હિસ્સો ધરાવતા એચડીએફસીમાં ૮ ટકાનો વધારો થયો છે.



## છેલ્લે... છેલ્લે...

- અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીના સીએનએનના ઓપિનિયન પોલમાં બિડનને ૫૭ ટકા મતની સંભાવના જણાવાઈ છે
- હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી અને વનમંત્રી કોરોના પોઝિટિવ, રોહતાંગ કાર્યક્રમમાં વડાપ્રધાનના સંપર્કમાં આવ્યા હતા સંક્રમિત મંત્રીઓ
- પંજાબના સ્વાસ્થ્ય મંત્રી કોરોનો પોઝિટિવ, રાહુલ ગાંધીના સંપર્કમાં આવ્યા હતા
- અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે પર અકસ્માતઃ ૬ મજૂરોના મોત
- ગુજરાતી રંગભૂમિના ખૂબ જ લોકપ્રિય અભિનેતા - દિગ્દર્શન કમલેશ મોતાનું મુંબઈ ખાતે નિધન

# અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હોસ્પિટલમાંથી રજા અપાઈ

**ટ્રમ્પ ટૂંક સમયમાં ચૂંટણી પ્રચાર શરૂ કરશે : મેડિકલ ટીમે પણ જણાવ્યું કે ટ્રમ્પને શ્વાસ સંબંધી કોઈ ફરિયાદ નથી, ૭૨ કલાકમાં તેમને તાવ પણ નથી આવ્યો**

વૉશિંગટન,તા.૬

કોરોના સંક્રમણથી પીડિત અમેરિકાના



રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યા બાદ તેઓ ગત ત્રણ દિવસમાં હૉસ્પિટલમાં હતા. ટ્રમ્પે થોડાક જ સમયમાં ચૂંટણી પ્રચાર શરૂ કરવાની આશા વ્યક્ત કરી છે. તેના થોડાક કલાક પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે તેઓ સોમવાર સાંજે હૉસ્પિટલથી રજા લેશે. જોકે ડૉ. કૉનલે જણાવ્યું કે ટ્રમ્પના ઓક્સિજન લેવલમાં ઘટાડો નોંધાયા બાદ તેમને બે વાર વધારાનો ઓક્સિજન આપવામાં આવ્યો હતો. વ્હાઈટ હાઉસના ચિકિત્સક ડૉ. સીન કૉનલે કહ્યું હતું કે ટ્રમ્પની તબિયત સુધરી રહી છે અને તેઓ રજા લઈ શકે છે. જોકે ડૉક્ટરે કહ્યું કે તેઓ પૂરી રીતે ઠીક નથી થયા પરંતુ ઘરે જવા માટે સુરક્ષિત છે. ડૉક્ટરે કહ્યું કે ગત ૨૪ કલાકમાં ટ્રમ્પની તબિયતમાં સુધારો જોવા મળી રહ્યો છે. તેઓએ કહ્યું કે ટ્રમ્પ ઘર પરત જશે જ્યાં તેમને ચોવીસે કલાક વિશ્વ સ્તરીય મેડિકલ કેર મળતી રહેશે. ડૉક્ટરે એવું પણ કહ્યું કે, સક્રિય વાયરસ હોવાના કોઈ લક્ષણ નથી, જેથી ટ્રમ્પ દ્વારા સંક્રમણ ફેલાવાનો ડર નથી. મેડિકલ ટીમે પણ જણાવ્યું કે રાષ્ટ્રપ્રમુખને શ્વાસ સંબંધી કોઈ ફરિયાદ નથી અને ગત ૭૨ કલાકમાં તેમને તાવ પણ નથી આવ્યો.

# ફ્રાન્સ-ઈટલીમાં પૂરથી હાહાકાર

રોમ/પેરિસ,તા.૬

કોરોના વાયરસ સંકટની વચ્ચે ફ્રાન્સ અને ઈટલીમાં પૂરે તબાહી મચાવી દીધી છે. એટલું ભયંકર પૂર આવ્યું છે કે દફનાવેલા મૃતદેહો પણ તણાઈને સરહદ પાર પહોંચી ગયા છે. સોમવારના રોજ ફ્રાન્સના સરહદી વિસ્તારમાંથી બીજા પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા. તેની સાથે જ પૂરમાં મરનારાઓની સંખ્યા વધીને ૧૨ થઈ ગઈ અને ૨૦ લોકો હજુ પણ ગુમ છે.

પૂરનો કહેર એટલો ખતરનાક છે તેનો અંદાજો તમે આના પરથી લગાવી શકો છો કે કબ્રસ્તાનમાં દફનાવેલા મૃતદેહો વહીને સરહદ પાર પહોંચી રહ્યા છે. નાઈસ મિટન અખબારે ફ્રાન્સીસ અધિકારીઓનો હવાલો આપતા કહ્યું કે ઈટલીમાં કોફિનમાંથી કેટલાંક લોકોના મૃતદેહો મળ્યા છે. આ કોફિન ફ્રાન્સથી વહેતા-વહેતા સરહદ પાર પહોંચ્યાની આશંકા છે.



દક્ષિણ-પૂર્વ ફ્રાન્સ અને ઉત્તર ઈટલીનો વિસ્તાર પૂરથી ભયંકર પ્રભાવિત થયો છે. અહીં તોફાન બાદ ધોધમાર વરસાદના લીધે પૂરે સામાન્ય જનજીવનને પ્રભાવિત કરી દીધું છે. ફ્રાન્સના શહેર સેંટ-માર્ટિન-વેસુબીમાં પૂરનો સૌથી વધુ કહેર છે. રવિવાર બાદ સોમવારે પણ અહીંથી કેટલાંક મૃતદેહો મળ્યા છે. બંને દેશોમાં મોટાપાયે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

## આજથી આરબીઆઈની ત્રિદિવસિય મોનિટરી પોલીસીની બેઠક

મુંબઈ,તા.૬

ઈતિહાસમાં પ્રથમ વખત અગમ્ય કારણોસર રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મુદ્રાનીતિ નિર્ધારણ બેઠક મુલતવી રાખી હતી. ઈમ્નેી મોનિટરી પોલિસીના સભ્યોની નિમણૂક બાકી હોવાથી ઓક્ટોબર માસના પ્રથમ સપ્તાહમાં યોજાનારી આ બેઠક ટળી હતી પરંતુ, હવે આરબીઆઈએ આ બેઠકનું નવું શિડ્યુલ જાહેર કર્યું છે.

**વેચાણ જોઈએ છે**

સેક્ટર-૮, ૧, ૭ કે ૨માં ૧૩૫ ચો.મી.નો સારી લોકાલીટીમાં આવેલો 4 BHKનો ફુલી ફર્નિશ્ડ બંદલો, પૂર્ણ હવા ઉજાસ અને ઉત્તર દિશા ખુલ્લી સાથે પૂર્વ કે પશ્ચિમ ખુલતા દ્વાર વાળો.

સંપર્ક
મો. ૭૯૮૪૯૬૧૯૩૯

# યુપીમાં કર્મચારી હડતાળથી વીજ સંકટ ઘેરાયું

**યુપીમાં વીજ કંપનીના ખાનગીકરણનો ભારે વિરોધ : તંત્ર-સંગઠનની વાટાઘાટો ચાલુ : ઓફિસર્સ આંદોલનમાં જોડાયા, પાણીની કટોકટી, ફોલ્ટ સહિતના કામ ખોરવાયા**

લખનૌ, તા. ૬

ખાનગીકરણના વિરોધમાં વીજ કામદારોની હડતાલ બીજા દિવસે પણ ચાલુ છે. દરમિયાન, યુપી પાવર ઓફિસર્સ એસોસિએશને પણ મંગળવારે સાંજે ૪ વાગ્યાથી અનિશ્ચિત વર્કઆઉટની જાહેરાત કરી છે. રાજ્યના તમામ ડિસ્કોમ અધિકારીઓ આ હડતાલમાં સામેલ થયા છે. આનાથી રાજ્યમાં વીજળીની કટોકટી વધુ ઘેરી બનવાની સંભાવના વધી છે. રાજ્યના વીજ કામદારો અને કરાર કામદારો સોમવારથી હડતાલ પર છે. અધિકારીઓની એસોસિએશને એક પત્ર જારી કરીને કહ્યું કે, ૫ ઓક્ટોબર ના રોજ ઊર્જા પ્રધાન સાથેની વાતચીતમાં, સંગઠન અને મેનેજમેન્ટે સુધારા અંગે સંમતિ આપી હતી. પરંતુ પાવર કોર્પોરેશનનું ઉચ્ચ સંચાલન બોલવાનો ઈનકાર કરે છે અને એમઓયુ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કરે છે તે ઊંડા ષડયંત્રને સૂચવે છે. આ સાથે, આંદોલન સિવાય પાવર ઓફિસર્સ એસોસિએશનના સભ્યો સામે કોઈ રસ્તો બચ્યો નથી. એસોસિએશને વધુમાં કહ્યું કે, આ બધાને કારણે, જો રાજ્યના લોકોને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે, તો તેના માટે પાવર કોર્પોરેશન અને યુપી સરકારનું ટોચનું




સંચાલન જવાબદાર રહેશે. તો મંડળ દ્વારા મંગળવારે સાંજે પાંચ વાગ્યાથી અનિશ્ચિત કાળની હડતાળ પર જવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વીજ કર્મચારીઓના આંદોલનના કારણે સોમવારે સાંજે ઊર્જા પ્રધાને પૂર્વાંચલ વિદ્યુત વિતરણ નિગમના ખાનગીકરણ માટેની દરખાસ્ત પાછી ખેંચી લીધી હતી. વીજ પ્રધાન શ્રીકાંત શર્માની વીજ કર્મચારી સંયુક્ત સંઘર્ષ મોરચાના અધિકારીઓની બેઠક મળી હતી જેમાં તેમણે પોતાની માંગણીઓ કરી હતી. ઊર્જા પ્રધાન શ્રીકાંત શર્માએ કર્મચારીઓમાં પૂર્વાંચલ વિદ્યુત

● અનુસંધાન પાન-૭ પર

**દેશમાં કોરોનાની રફતાર ધીમી પડી**

# દેશમાં ૨૪ કલાકમાં ૬૧ હજાર પોઝિટિવ કેસ

**દેશમાં કુલ કેસ વધીને ૬૬.૮૫ લાખ : ૨૪ કલાકમાં ૭૫,૭૮૭ સંક્રમિતો કોરોનાને માત આપવામાં સફળ**

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના નવા પોઝિટિવ કેસો તેમજ મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. મંગળવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ સવારના ૮ વાગ્યા સુધીમાં કોરોનાના વધુ ૬૧,૨૬૭ નવા દર્દીઓ નોંધાયા હતા તેમજ ૮૮૪ લોકોના કોરોના સંક્રમણથી મોત થયા હતા. દેશમાં ઘણા સમય બાદ એક દિવસમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૫,૦૦૦ કરતા ઓછી નોંધાઈ છે. બીજીતરફ કુલ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૫૬ લાખ કરડા વધુ રહેતા રિકવરી રેટ ૮૪.૭૦ ટકા થયો હતો.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૬૧,૨૬૭ નવા દર્દીઓ નોંધાતા કુલ કોરોના સંક્રમિત કેસોનો આંક ૬૬,૮૫,૦૮૨ પર પહોંચ્યો હતો. વધુ ૮૮૪ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૦૩,૫૬૯ થયો હતો. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓનો આંક ૫૬,૬૨,૪૯૦ પર પહોંચ્યો છે. કુલ સક્રિય પોઝિટિવ કેસો ૯,૧૯,૦૨૩ છે જે નોંધાયેલા કુલ કેસ લોડના ૧૩.૭૫ ટકા છે. ભારતમાં કોવિડ ૧૯થી મૃત્યુ દર ૧.૫૫ ટકા નોંધાયો છે. આઈસીએમઆરના ડેટા મુજબ કોરોનાકાળમાં અત્યાર સુધીમાં ૮,૧૦,૭૧,૭૯૭ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.